| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Sandesh** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **05/12/2021** |
| **PAGE :** | **2** |

### અમદાવાદમાં MSME ટાવરનું ઉદ્દ્ઘાટન કરતાં કેન્દ્રીય મંત્રી રાણે

# ચીનમાં MSME બંધ થઈ રહી છે, ગુજરાતે ફાયદો ઉઠાવવો જોઈએ : નારાયણ રાણે

## 'MSME ટાવર બહારથી જેટલો સુંદર છે તેવી કામગીરી અંદરથી થવી જોઈએ'

। અમદાવાદ ।

કેન્દ્રીય MSME મંત્રી નારાયણ રાણેએ શનિવારે અમદાવાદ ખાતે નવા બનેલા MSME ટાવરનું ઉદ્ઘાટન કર્યું હતું. આ તકે નારાયણ રાણેએ જણાવ્યું હતું કે ચીનમાં MSME ક્ષેત્રે કેટલીક ઈન્ડસ્ટ્રીઝ બંધ થઈ રહી છે. જેનો ફાયદો ગુજરાતના MSME ક્ષેત્રના લોકોએ ઉઠાવવો જોઈએ. આ તકે તેમણે ઉદ્યોગના ચાવીરૂપ સંગઠનોના પ્રતિનિધિઓ સાથે સંવાદ કર્યો હતો.

શહેરના સોલામાં સાયન્સ સિટી રોડ પર નવનિર્મિત MSME ટાવર ૭,૨૩૭ ચો.મી.નો બિલ્ટ અપ એરિયા ધરાવે છે. જેમાં છ સ્તર આવેલા છે. આ ઓફિસમાં એક્ષપોર્ટ ફેસિલિટેશન સેલ અને આંત્રપ્રિન્યોરશીપ ફેસિલિટેશન સેન્ટર આવેલા છે. ઉદ્ઘાટન બાદ પોતાના સંબોધનમાં નારાયણ રાણેએ જણાવ્યું હતું કે, આ નવી ઈમારત જેટલી અંદર અને બહારથી સુંદર અને સુવિધાજનક છે તે જ સુંદરતાથી તેમાં કામ થવું જોઈએ. ગુજરાત MSME ક્ષેત્રના લોકોએ તેનો અભ્યાસ કરીને ચીનમાં બંધ થતી ઈન્ડસ્ટ્રીઝ અહીં શરૂ કરવા માટે પ્રયાસો કરવા જઈએ.તેમણે વધુમાં કહ્યું કે ગુજરાતના MSMEની ભૂમિકા ખુબ અગત્યની રહી છે. સુક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસો કૃષિ ક્ષેત્ર પછી દેશના અર્થતંત્રમાં દેશના ૪૦ ટકા આઉટપુટ, દેશની ૪૯ ટકા નિકાસ અને રોજગારી પુરી પાડવાની સાથે મહત્વનું યોગદાન આપી રહ્યું છે. રાણેએ ગ્લોબલ આંત્રપ્રિન્યોરશીપ મોનિટર ઈન્ડિયા રિપોર્ટ ૨૦૨૦-૨૧ જાહેર કર્યો હતો. કોફી ટેબલ બૂક- લૂમ ટૂ મોલનું લોકાર્પણ કર્યું હતું. તેમના હસ્તે ઈમર્જિંગ, ગ્રોઈંગ અને સ્પેશિયલ જ્યૂરી એવોર્ડ કેટેગરીમાં ગુજરાત સ્ટાર્ટ અપ એવોર્ડ ૨૦૨૧ એનાયત કરાયા હતા.